# Greenlawns High School

QUESTION PAPER

MUMBAI - 400 036.

Preliminary Examination Year 2020

Set by ____________________

No. of Copies __________ Time : 3 Hours

Subject : Gujarati L-II

Class : X

Full Marks : 80

==========================================================

## GUJARATI

*(Three hours)*

***Answer to this Paper must be written on the paper provided separately.***

*You will **not** be allowed to write during the first **15** minutes.*

*This time is to spent in reading the question paper.*

***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***

==========================================================

*This paper comprises of two sections : **Section A** and **Section B.***

*Attempt all the questions from **Section A.***

*Attempt four questions from Section B, answering at least **one** question each from the **two** books you have studied and any **two** other question.*

*The intends marks fro questions or parts of questions are given in brackets [ ]*

==========================================================

**SECTION - A (40 marks)**

*Attempt **all** questions.*

**Question : 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics :- [15]

નીચેના વિષયોમાંથી કોઇપણ **એક** વિષય પર લગભગ **૨૫૦** શબ્દોમાં ગુજરાતીમાં નિબંધ લખો.

(૧) મારો વિચિત્ર પડોશી –

(૨) તેજસ્વી વિદ્યાર્થીના કયા – કયા ગુણો, કઇ – કઇ રીતે તમારું ધ્યાન ખેંચે છે તેનાથી તમારા જીવનમાં કયું પરિવર્તન આવ્યું. ચર્ચા કરો.

(૩) દરેક ઋતુઓને પોતાનું આકર્ષણ હોય છે. તમને ગમતી ઋતુ કઇ ? શા માટે ગમે છે ? તે ઋતુની વિશેષતા જણાવો.

(૪) 'ગરજ સરી કે વૈદ વેરી' આ કહેવતને સારી રીતે સમજાવતી વાર્તા કે પ્રસંગ લખો.

(૫) સાથે આપેલું ચિત્ર જોઇ તમારા મનમાં ઉઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખો :-

**Question : 2**

Write a letter in Gujarati in approximately 120 words on any of the topics given below [7]

નીચેના આપેલા કોઇ પણ એક વિષય પર આસરે ૧૨૦ શબ્દોમાં ગુજરાતીમાં પત્ર લખો :-

(૧) તમે તમારા દાદા – દાદી સાથે બે – ચાર દિવસ પસાર કરવાનો મોકો મળ્યો છે. તમે શું – શું કરશો ? તેમની સાર – સંભાળ કઇ રીતે લેશો તે જણાવ તો પત્ર તમારી માતાને લખો.

(૨) મહાનગરના કોઇ એક રેલ્વે સ્ટેશન ની ગંદકી વિશે ફરિયાદ કરતો અને સ્વચ્છતા જાળવવા સૂચનો કરતો એક પત્ર તે સ્ટેશનન રેલ્વે અધિકારીને લખો.

**Question : 3**

Read the passage given below and answer in Gujarati the question that follow, using your own works [ ]

નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો :-

એક યુવાન એક ખૂબ મોટી ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. તેનું નામ માનવ હતું માનવ કંપનીમાં ઇલેક્ટ્રિકલ એન્જિનિયર હતો. કોલ્ડ સ્ટોરેજ વિભાગમાં એને ફરજ સોંપવામાં આવી હતી અને કોલ્ડ સ્ટોરેજ નું ટેમ્પરેચર, તેમાં ભરવામાં આવેલાં ફળ કે શાકભાજી મુજબ જળવાઇ રહે એ જોવાની જવાબદારી માનવની હતી.

એક દિવસ માનવ સાંજના સમયે ઓફિસ છોડતા પહેલા એક કોલ્ડ સ્ટોરેજ ની ફરીયાદ હોવાથી તેની તપાસ માટે ગયો. આજે બીજા કોઇ મદદનીશ સાથે ન હતો.

એણે કોલ્ડ સ્ટોરેજની મુલાકાત લીધી. અત્યારે તો બીજી કોઇ તકલીફ ન હતી. મુલાકાત લઇને એ જેવો બહાર નીકળવા ગયો કે એનું ધ્યાન પડ્યું કે બહાર નીકળવાનો દરવાજો લોક થઇ ગયો છે.

માનવે  દરવાજો ખોલવા ખૂબ પ્રયાસ કર્યા. રાડો પણ ખૂબ પાડી પણ તેનો અવાજ બહાર જતો જ ન હતો. હવે દરવાજો માત્ર બહારથી જ ખૂલી શકે તેમ હતો અને બહારથી કોઇ જવાબ મળતો ન હોતો. ઓફિસનો સમય પણ પૂરો થયો હતો. એટલે હવે તો સ્ટાફ પણ નીકળી ગયો હોય. પોતાનો જીવ બચાવવા માનવે ટેમ્પરેચરને વધારવા પ્રયાસ પણ ક્ર્યો પણ ટેમ્પરેચર વધવાને બદલે ધીમે ધીમે ઘટવા લાગ્યું માનવને થયું કે ઠંડીથી એનું મૃત્યુ થશે એ નિશ્ચિત છે.

અતિશય ઠંડીથી માનવ બેભાન થાય તે પહેલા જ કોલ્ડ સ્ટોરેજનો દરવાજો ખૂલ્યો. દરવાજો ખોલનાર સિક્યુરિટી ગાર્ડ માનવને આજે ભગવાન જેવો લાગ્યો. સિક્યુરિટી ગાર્ડ માનવને કોલ્ડ સ્ટોરેજની બહાર લઇ આવ્યો થોડું તાપણું કરીને એણે માનવના શરીરને હૂંફ આપી.

માનવ સ્વસ્થ થતાં જ એણે સિક્યુરિટી ગાર્ડને પૂછ્યું, ''કોલ્ડ સ્ટોજેની તપાસ કરવી એ તારી ફરજમાં નથી આવતું તો પછી તું કોલ્ડ સ્ટોરેજમાં શું લેવા આવ્યો હતો ?'' સિક્યુરિટી ગાર્ડ કહ્યું, ''સાહેબ, હું આ કંપનીમાં છેલ્લા બે માસથી નોકરી કરું છું. આ કંપનીમાં હજારો કર્મચારીઓ છે જે રોજ સવારે આવે છે અને સાંજે પાછા ઘરે જાય છે. આ હજારો કર્મચારીઓમાં માત્ર તમે એક જ આવા છો જે સવારે આવો ત્યારે મને 'ગુડ મોર્નિંગ' કહો છો અને સાંજે પાછા જાવ ત્યારે 'ગુડ ઇવનિંગ' કહો છો. તમે જ્યારે હસીને મારી સાથે વાત કરો છો ત્યારે મને થાય છે કે હું પણ માણસ છું. આજે સાંજે હું તમારૂ 'ગુડ ઇવનિંગ' સાંભળવા રાહ જોતો હતો. બધાજ કર્મચારીઓ જતા રહ્યા પણ તમને ન જોયા એટલે મને કંઇક અજુગતું બન્યાની શંકા ગઇ અને હું તમને શોધતા શોધતા કોલ્ડ સ્ટોરેજમાં આવી પહોંચ્યો.

આપણી આસ-પાસ ઘણા એવા લોકો છે જેની નજર સામેથી આપણે રોજ પસાર થઇએ છીએ અને છતાંય એનો ચહેરો પણ આપણને યાદ નથી હોતો. આવા લોકો

સાથેનો માનવતાપૂર્ણ વ્યવહાર તેને તો આનંદ આપે જ પણ આપણને વિશેષ આનંદ આપે. પ્રયાસ કરીને ખાસરી કરી લેજો.

પ્રશ્નો :-

(૧) માનવનો પરિચય આપી કહો તે એક દિવસ ક્યાં રોકાઇ ગયો? (૨)

(૨) માવનને પોતાનું મૃત્યુ નિશ્ચિત કેમ લાગ્યું ? (૨)

(૩) કોણે માનવને બચાવવા કયા પ્રયત્નો કયા? (૨)

(૪) માનવ શા માટે મૃત્યુના મુખમાંથી બચી ગયો ? (૨)

(૫) પરિચ્છેદ ને યોગ્ય શીર્ષક આપો તમે આ બનાવ દ્વારા શું શીખ લેશો? (૨)

**Question : 4**

Answer the following questions according to the instructions given below :-

**નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :**

(i) નીચે આપેલા રૂઢિપ્રયોગમાંથી કોઇપણ એકનો ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો :- (૧)

(૧) પગ ભારે થવા (૨) માથાનું ફરેલ

(૩) નારદવેડા (૪) બળતામાં ઘી હોમવું

(ii) નીચે આપેલા શબ્દોમાંથી કોઇપણ બે શબ્દના દ્વિ-અર્થ લખો :- (૧)

ખંડ, અનંત, ખાતર, દંડ, ભાવ, મધુ

(iii) નીચે આપેલા શબ્દ સમૂહમાંથી કોઇપણ બે માટે એક શબ્દ આપો :- (૧)

(૧) માતાની બહેનના પતિ –

(૨) દરિયાઇ લૂંટારો –

(૩) સમાન અર્થવાળો શબ્દ –

(૪) ચારે બાજુ ફરવું તે –

(iv) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો વિરોધી શબ્દ લખો :- (૧)

સાસુજીએ વહુના મહેનામ આગળ વખાણ કર્યો પરંતુ-હુએ સાસુજીની ............ જ કરી.

(v) નીચે લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલી વાક્ય ફરી લખો :- (૧)

સભામાં શ્રીમાન ભાષણ આપતા હતા તેમની ............ સામે બેઠાં હસતાં હતાં.

(vi) નીચે આપેલા શબ્દોમાંથી કોઇપણ બેની જોડણી સુધારી ફરી લખો :- (૧)

આધૂનીક, લીખિતગ, લીલિછમ, ક્ષતિજ, પરમપરા

(vii) નીચેના વાક્યનું કાળ પરિવર્તન કરી ફરી લખો :- (૧)

શાળાના વિદ્યાર્થઓ પ્રવાસે ગયા (ભવિષ્યકાળ)

(viii) નીચેના વાક્યમાં નામ શોધી પ્રકાર લખા :- (૧)

૧) ગંગા નદીનું પાણી પવિત્ર હોય છે.

**SECTION - B (40 marks)**

*Attempt **four** questions. from this Section.*

*You must answer at least **one** question from each of the **two** books*

*you have studied and any two other questions.*

**Question : 5**

Read the extract given below and answer in Gujarati, the question that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

‘સુણ, ચક્ષુ! હું પાંગળુ, તું મારું વાહન!’
નિગમ આગળ કહ્યું સાંભળ્યું, દીઠા વિના ગયું મન.
‘ભલું કરાવ્યું મેં તને, સુંદરવર-સંજોગ,
મને તજી તું નિત મળે, હું રહું દુ:ખ વિજોગ.’

‘લોચન મનનો ઝઘડો’ – કવિ દયારામ

'Locan Man no Jagdo' - Kavi Dayaram

(૧) કવિનો જન્મ ક્યાં થયો હતો ? માતા – પિતા નું નામ જણાવી ? તેઓ કયા નામથી પ્રસિદ્ધ હતા ? (૨)

(૨) કવિની કોઇ પણ બે ઉત્તમ રચનાના નામ લખી લોચન અને મન વચ્ચે કઇ બાબતે ઝઘડો થયો ? (૨)

(૩) ઉપર આપેલી પંક્તિ લોચન અને મન વચ્ચે શી વાત ની ચર્ચા થા છે ? તમારા શબ્દમાં સમજાવો. (૩)

(૪) છેવટે એ ઝઘડાના ન્યાય માટે ક્યાં જાય છે ? તેણે તેઓનું સમાધાન શી રીતે કર્યું તે તમારા શબ્દોમાં લખો ? (૩)

**Question : 6**

Read the extract given below and answer in Gujarati, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

'ધન, જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક;
એ ચાર ભેગાં હુઆં, અનરથ કરે અનેક.
વા ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર,
શૂર બોલ્યા નવ ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર.

'સુભાષિતો'

Subhashito'

(૧) સુભાષિતો કોને કહેવાય? તેમાંથી શું મળે છે ? વધારે કયા સાહિત્યમાં પ્રસિદ્ધ છે. ? (૨)

(૨) સુભાષિતો માનનીય ક્યારે કહેવાય છે ? વ્યક્તિ ને તેમાંથી શું પ્રાપ્ત થાય છે ? (૨)

(૩) ઉપરની પહેલી બે પંક્તિમાં મનુષ્યની ક્યારે પડતી થાય છે? સમજાવો? (૩)

(૪) બીજી બે પંક્તિમાં કઇ વસ્તુઓ પાછી ફરે છે? જ્યારે કોણ પોતાના વચનથી ફરતા નથી. તમારા શબ્દમાં સમજાવો ? (૩)

**Question : 7**

Read the extract given below answer in Gujarati, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

ઢોલ અને શરણાઇ વાગયાં ને ગામ મને પરણાવી રાજી.

લીલીછમ મ્હોરવાની આશામાં ઉગેલી કૂંપળ તોળાઇ એક તાજી

પાંચીકા રમતી'તી– મુકેશ જોષી

Panchika - Mukesh Joshi

(૧) કવિ ક્યા યુગમાં મહત્વનું સ્થાન ધરાવે છે. તેમના બે કાવ્ય સંગ્રહોના નામ જણાવો ? આ કાવ્યમાં કોની વિદાય ની વાત કરવામાં આવી છે. (૨)

(૨) દીકરી બાળપણ માં શું-શું રમતી હતી ? તેનું બાળપણ ક્યારે ખોવાય ગયું ? (૨)

(૩) સામાન્ય રીતે દીકરીને લગ્નમાં કેવી રીતે તૈયાર કરવામાં આવે છે. તમે જોયેલ અનુભવ જણાવો (૩)

(૪) દીકરી કયાં બેસી કોને ચિઠ્ઠી લખતી હતી? શું લખવાનું બાકી રહી ગયું ? તેના લગ્ન સમયે કોણ ખુશી વ્યક્ત કરતું હતું? દીકરીને કઇ - કઇ વાતોનું સ્મરણ થાય છે ? (૩)

## સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

## Sahitya Gurjari (Short Stories)

**Question : 8**

Read the extract given below and answer in Gujarati, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

'પણ એની હાજરીમાં હું ચિઠ્ઠી વાંચીશ જ નહિ', મેં નક્કી કરી નાખ્યું મારે એને મોઢે જ કહેવડાવવું હતું. ભલે એ યાચના ન કરે. ભલે મારી સામે દયા માગતી નજરે ન જુએ, પણ વાત તો એના મોઢે થી જ મારે સાંભળવી હતી. છાશ લેવા જવું ને દોણી સંતાડવી, એવું શા માટે ?

હિંમત – મારો દોસ્ત – મોહમ્મદ માંકડ

Himmat maro dost - Mohammad Mankad

(૧) લેખક મોહમ્મદ માંકડનો પરિચય આપો ? (૨)

(૨) રસિકભાઇને કોણ અનુકરણીય લાગે છે ? કોણ નથી લાગતા ? શા માટે (૨)

(૩) રસિકલાલ ના ક્યા વિચારોમાં તેમનો સૂક્ષ્મ અહંકાર દેખાય છે ? (૩)

(૪) હિંમતનો દીદાર કેવો હતો ? રસિકલાલ ની દૃષ્ટિએ હિંમતનો સ્વભાવ કેવો હતો ? 'છાશ લેવા જવું ને દોણી સંતાડવી' એવું રસિકભાઇ કોના માટે વિચારે છે ? ક્યારે ? (૩)

**Question : 9**

Read the extract given below and answer in Gujarati, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

'પચ્ચીસ વર્ષ ઉપર આવું પૂર આવ્યું હતું અને અમે ના પાડી છતાં એક મછુઓ ગયો હતો તે પણ જઇ ઉંઘો વળી ગયો.'

'જમુનાનું પૂર' – રામનારાયણ પાઠક

'Jamunanu Poor' - Ramanarayan Pathak

(૧) વાર્તાનાયિકાએ શું મનસૂબો કર્યો હતો ? તે માટે મછુઆ એ તેને કેમ મદદ કરવા ની ના પાડી ? (૨)

(૨) પોતાનો મનસૂબા જાતે પૂરો કરવા નાયિકાએ શા પ્રયત્નો કર્યા ? (૨)

(૩) કાલિન્દીના ધસમસતા પૂર ઉપર તરતા દીવાઓનું સૌંદર્ય વર્ણવો (૩)

(૪) 'જમુના નું પૂર' વાર્તાનો અંત સ્પેષ્ટ કરો. (૩)

**Question : 10**

'નારે, બેટા મારે કોઇ નોકરની જરૂર નથી. આ આપણું શરીર એક ખેતર જેવું છે. જેમ સારું તેમ ઝાઝું વળતર આપે. અને નકામું પડયું રહેવા દઇએ તો માંહ્ય થોર ઉગે'!

દાદાનો દલ્લો – ઇલા આરબ મહેતા

'Dadano Dallo' - Ila Arab Mehta

(૧) દાદા ગામ છોડી 'મુંબઇ આવે એ ઘરના લોકોને કેમ ગમતુ ન હતું ? ઘરમાં કઇ-કઇ રામાયણો હતી ? (૨)

(૨) અંતમાં દાદાની ચિઠ્ઠીમાં લખેલા વિચારો આપણને શું સમાજવી જાય છે ? (૨)

(૩) દાદાને કેટલા રૂપિયાની લોટરી લાગી હતી ? લોટરી લાગવાથી ઘરના લોકોમાં કયું પરિવર્તન જોવા મળ્યું ? (૩)

(૪) દાદાએ કોને, કયા કામ સોંપ્યા ? તેનાથી ઘરમાં કયું પરિવર્તન આવ્યું ? (૩)

